# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત

## મ્યુનિસિપલ સ્નાનાગારનાં નિયમો

### ૧. સભ્ય પદ મેળવવા બાબત

૧. ઓછામાં ઓછું ત્રણ ફુટ છ ઈંચની ઉંચાઈ ધરાવતા, બાર વર્ષથી નીચેની ઉંમરના બાળકોને સભ્ય પદ આપી શકાશે.

૨. આ માટે જે તે બાળકના વાલીએ તે અંગેનું પ્રવેશપત્ર પુરી તથા સાચી હકીકતો ભરી જરૂરી પ્રમાણપત્રો તથા બાળકના પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફસ સાથે રજુ કરવાનું રહેશે.

૩. જો બાળક અભ્યાસ કરતું ન હોય તો જન્મતારીખ અંગેનું અધિકૃત પ્રમાણપત્ર અલગ રજુ કરવાનું રહેશે.

૪. પુરી તથા સાચી હકીકત વિના પ્રવેશપત્ર પર મેળવેલ સભ્યપદ શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

### ૨. બાળ સભ્યોએ પાળવાના નિયમો

નીચેના નિયમોનું બાળસભ્યોએ સંપૂર્ણ પાલન કરે તે જવાબદારી જે તે બાળસભ્યના વાલીની રહેશે.

૧. ન્હાવા માટે કે અન્ય કોઈ કાર્યક્રમ વખતે પ્રવેશ મેળવવા માટે, પોતાનું સ્નાનાગારમાં પ્રવેશ મેળવવા માટેનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે.

૨. સ્નાનાગારના પાણીમાં પ્રવેશ કરતા અગાઉ શાવરરૂમ્સ વિભાગમાં સંપૂર્ણ રીતે શરીર સ્વચ્છ થાય તે રીતે સ્નાન કરવાનું રહેશે.

૩. ન્હાવા માટે વાંધાજનક ન ગણી શકાય તેવા ઘેરા રંગનો, તરવા અંગેનો પોશાક (વસ્ત્ર), બેથીંગ કોસ્ચ્યુમ પહેરવાનો રહેશે. ઉપરાંત લાંબા વાળ ધરાવતા બાળકોએ બેથીંગ શાવરકેપ પહેરવાની રહેશે.

૪. કોઈ પણ બાળસભ્ય નિયત જગા સિવાય, સ્નાનાગારના પાણીમાં કે બહાર સ્થળ પર થૂંકવાની, પેશાબ કરવાની, મળત્યાગ કરવાની ક્રિયા અગર ન્યુસન્સ કરી શકશે નહીં.

૫. કોઈપણ બાળસભ્ય, આકસ્મિક મુલાકાતી કે સભ્યના મહેમાન જો ચામડીનાં કોઈપણ ચેપી રોગથી પીડાતા હોવાનું માલુમ પડે તો, જ્યાં સુધી તેવો રોગ સંપૂર્ણ દૂર થયો હોવાની ખાત્રી અધિકૃત અધિકારીને સંતોષજનક રીતે ન થાય, ત્યાં સુધી તેમને સ્નાનાગારનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૬. સ્નાનાગારમાં તરતી વખતે તાલીમ લેતી વખતે, કોઈપણ બાળસભ્ય તોફાન, મોટેથી બુમાબુમ અગર બીજા સભ્યોને વાંધાજનક હોય તેવું અસભ્ય વર્તન કરી શકશે નહીં.

૭. કોઈપણ બાળસભ્ય સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર સ્ટાફની ગેરહાજરીમાં પાણીમાં પ્રવેશ કરી શકશે નહીં.

૮. ન્હાવાનો નીયત સમય પુરા થતાની, પાંચ મીનીટ અગાઉ ઘંટડી વગાડવામાં આવશે, જે બાદ દરેક બાળસભ્યએ પાંચ મીનીટમાં જ સ્નાનાગારનાં પાણીમાંથી બહાર આવી જવાનું રહેશે. ત્યારબાદ ૧૫ મિનિટમાં જ શાવરરૂમ્સ વિભાગની બહાર આવી જવાનું રહેશે.

૯. કોઈપણ બાળસભ્ય બીજી વ્યક્તિને ઉપયોગ માટે પોતાનું ઓળખપત્ર આપી શકશે નહિ. તેમજ ઓળખપત્રમાંથી માહિતીમાં કંઈપણ ફેરફાર કે ચેકચાક કરી શકાશે નહીં. આમ કરનારનું સભ્યપદ રદ થવાને પાત્ર ઠરશે.

૧૦. સ્નાનાગારનો ઉપયોગ કરતી વખતે તમામ બાળસભ્યોએ ઓળખપત્રમાં દર્શાવેલ સૂચનો તેમજ ફરજ પરના સ્વીમીંગ ઈન્સ્ટ્રકટર્સની સુચનાઓ તથા આદેશોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે તથા તેઓની પરવાનગી વિના ઉંડા પાણીના વિસ્તારમાં જઈ શકાશે નહીં.

૧૧. કોઈપણ સભ્યએ સ્નાનાગારમાં ન્હાવા આવતી વખતે કિંમતી મિલકત જેવી કે પૈસા, પાકીટ, ઘડીયાળ, મોબાઈલ ફોન, અગર ઘરેણાં વિ. સાથે ન લાવવાં ખાસ સૂચના આપવામાં આવે છે. આવી કોઈ વસ્તુ કે મિલકત ગુમ થવા અગર ચોરાઈ જવા અંગે મ્યુ. કોર્પોરેશન કે તેના કોઈપણ કર્મચારીની જવાબદારી રહેશે નહીં.

૩. બાળસભ્યોએ પાળવાના ઉપરના નિયમો પૈકી કોઈપણ નિયમના ભંગ માટે અગર કોઈપણ સુચનાના અનાદર માટે અધિકૃત અધિકારી, જે તે બાળસભ્ય સામે પગલાં લઈ શકશે તેવા બાળસભ્યને સ્નાનાગારની જગામાંથી બહાર કાઢી શકશે. ઓળખપત્ર જપ્ત કરી શકશે તેમજ યોગ્ય લાગે તેટલા સમય માટે સભ્યપદ સ્થગીત (સસ્પેન્ડ) કરી શકશે. મ્યુ. કમિશ્નર કે અધિકૃત અધિકારી, તેવા બાળસભ્યના વાલીને, સર્ટિફિકેટ ઓફ પોસ્ટીંગથી નોટીસ આપી, તેવા બાળસભ્યપદ રદ કરી શકશે. આ નિયમાનુસાર લીધેલ પગલાં અંગે મ્યુ. કમિશ્નર કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

૪. દરેક બાળસભ્યએ સ્નાનાગારનો ઉપયોગ, પોતાના જોખમે કરવાનો રહેશે. સ્નાનાગારની જગામાં થતા કોઈપણ અકસ્માત, ઈજા, નુકસાન, જાનહાનિ કે મૃત્યુ માટે મ્યુનિ. કોર્પોરેશન કે તેના કોઈપણ અધિકારી / કર્મચારી જવાબદાર રહેશે નહીં.

૫. અગાઉથી નોટીસ આપ્યા વિના કોઈપણ દિવસ કે સમયે સ્નાનાગાર બંધ કરવાની કે કોઈપણ સભ્યને પ્રવેશ ન આપવાની મ્યુનિ. કમિશ્નર અધિકૃત અધિકારીને સત્તા રહેશે.

૬. ઉપરના સામાન્ય નિયમ તથા શરતો ઉપરાંત તેને બાધ ન આવે તે રીતે સંજોગો અનુસાર, મ્યુનિ. કમિશ્નર અગર અધિકૃત અધિકારી જરૂરી પગલાં લઈ શકશે અને તેમાં સુધારો કરી શકશે.

નોંધ :

૧. સત્ર દરમિયાન કોઈપણ તારીખે ભરવામાં આવેલ ફી જે તે સત્રની પહેલી તારીખથી ગણાશે.

૨. ભરવામાં આવેલ ફી પાછી આપવામાં આવશે નહીં.

૩. લકવાનો રોગ ધરાવતા બાળકો માટે તે અંગેનું અધિકૃત દાક્તરી પ્રમાણપત્ર રજુ કરવાથી તાલીમ ફી ફક્ત પ્રથમ સત્ર માટે જ આપવાની રહેશે.

૪. સત્રની આખર તારીખ સુધીમાં પરીક્ષા પસાર ન કરનાર કે પરીક્ષા ન આપનાર સભ્યનું સભ્યપદ આખર તારીખ બાદ રદ ગણાશે. પછીના સત્રમાં જો જગ્યા **હશે તો જ સભ્યપદ રીન્યુ** થઈ શકશે આ અંગે **સ્નાનાગારનાં** અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.